જા.નં./મા-૨/SCF/૨૦૨૧/17023

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૧૮/૧૨/૨૦૨૧

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

(એચ.એચ. રાજ્યગુરૂ)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જીલ્લાની સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જી.સુરત

सत्यमेव जयते

ક્રમાંક – જીસીઈઆરટી/2021/NEP/ 32676 - 32704
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
વિદ્યાભવન, સેક્ટર 12, ગાંધીનગર.
ફોન – 079-23256808
ઇમેલ – gcert12@gmail.com,
Website – www.gcert.gujarat.gov.in
તારીખ - 16 - 12 - 2021

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ.

**વિષય – SCF સંદર્ભે District Level Consultation (DLC)ની પ્રક્રિયા કરવા બાબત.**

સંદર્ભ – (1) NCERT, નવી દિલ્હી તરફથી તા. 27-11-2021 તેમજ તા. 04-12-2021ના રોજ યોજવામાં આવેલ વીડિયો કોન્ફરન્સમાં આપવામાં આવેલ સૂચના
(2) Guideline for District Level Consultation at The State Level, NCERT

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય કક્ષાએથી રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (NCF) તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ અનુસંધાને, સૌ પ્રથમ રાજ્યમાંથી રાજ્યની જરૂરિયાતો અને લાક્ષણિકતાઓ સમાવતી રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા (SCF) તૈયાર કરી મોકલી આપવા માટે જણાવવામાં આવેલ છે. SCF તૈયાર કરવા માટેની પ્રક્રિયામાં પ્રત્યેક જિલ્લામાં શિક્ષણના લાભાર્થીઓ અને સહભાગીઓ પાસેથી સદર બાબતે પરામર્શન કરવાનું થાય છે. દરેક જિલ્લામાં જિલ્લા કક્ષાનું પરામર્શન (District Level Consultation) કરવા માટે નીચે જણાવેલ પ્રક્રિયા કરવાની થાય છે;

1. રાજ્યમાં 4 NCF ના જિલ્લા પરામર્શન માટે, દરેક જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યની District Level Coordinator (DLC) તરીકે કાર્ય કરશે. જે જિલ્લામાં પ્રાચાર્ય નથી ત્યાં જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) District Coordinator તરીકે રહેશે.
2. દરેક જિલ્લામાં ડાયટના અધ્યાપકોની એક District Team તૈયાર કરવાની રહેશે, જેમાં 8-10 સભ્યો રહેશે. આ ટીમ દ્વારા જિલ્લાના લાભાર્થીઓ સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 તેમજ DLC માટેના પ્રશ્નોની રજૂઆત કરી તે સંદર્ભે ચર્ચા કરવાની રહેશે.
3. જિલ્લામાં પરામર્શન બે પ્રકારે કરવામાં આવશે. (a) District Level Consultation (DLC), (b) Mobile Application Survey for SCFs (MASS)
4. DISTRICT LEVEL CONSULTATION (DLC) -

   4.1. રાજ્યના તમામ જિલ્લામાં District Level Consultation (DLC) હાથ ધરાશે.

   4.2. DLC માટે સહભાગીઓની સંખ્યા ઑફલાઇન માટે 60 અથવા ઑનલાઇન માટે 80 હશે.

4.3. સહભાગીઓમાં આંગણવાડી કાર્યકરો, પૂર્વપ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો, પ્રાધ્યાપકો, પ્રશિક્ષકો, માતા-પિતા, વિદ્યાર્થીઓ, સમુદાયના સભ્યો, બિન-સાક્ષર, નવ-સાક્ષર અને શૈક્ષણિક સંચાલકોનો સમાવેશ કરવાનો રહેશે. આ ઉપરાંત, જિલ્લાના વિવિધ વ્યવસાયોનું પ્રતિનિધિત્વ કરતા વ્યવસાયકારોનો પણ સમાવેશ કરવાનો રહેશે. તેઓને પાંચ જૂથોમાં વિભાજિત કરવામાં આવશે, (SE માટે 2, ECCE, TE અને AE માટે પ્રત્યેક 1).

4.4. એક દિવસ માટે આ પરામર્શન બેઠક રાખવાની રહેશે.

4.5. દરેક DLC થી ચાર અહેવાલો (SE, ECCE, TE અને AE) જનરેટ કરવામાં આવશે જે ફોકસ જૂથો માટે ઇનપુટ્સ પ્રદાન કરશે.

4.6. એનસીઇઆરટી ટીમ દ્વારા રાજ્યમાં 2-3 જિલ્લામાં DLC કરવામાં આવશે.

4.7. DLC માટે રાષ્ટ્રીય કક્ષાએથી 4 SCF સંદર્ભે Open Ended / નિબંધલક્ષી પ્રકારના પ્રશ્નોનો સેટ આપવામાં આવેલ છે. જિલ્લાકક્ષાએ પસંદ કરવામાં આવેલ સહભાગીઓ સમક્ષ આ પ્રશ્નોની રજૂઆત કરી પરામર્શન કરી તેઓના પ્રતિભાવ મેળવવાના રહેશે.

4.8. પરામર્શનની તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દરેક SCFના પ્રશ્નોના પ્રતિભાવો નિયત કરવામાં આવેલ Tech Platform પર અંગ્રેજીમાં અપલોડ કરવાના રહેશે.

4.9. રાષ્ટ્રીય કક્ષાએથી Tech Platform માટે સ્ટેટ લૉગઇન પ્રાપ્ત થયેથી તેની માહિતી મોકલી આપવામાં આવશે.

5. MASS ( Mobile Application Survey for SCFs) –

5.1. જિલ્લાના 100 જેટલા સમુદાયના સભ્યો / સહભાગીઓ સાથે મોબાઇલ એપ્લિકેશન સર્વે કરવાનો રહેશે.

5.2. આ સર્વેક્ષણમાં 'NCF Survey' મોબાઇલ એપ્લિકેશનમાં NEP, 2020 અમલીકરણને લગતા 100 પ્રશ્નોનો સમાવેશ થાય છે અને તેને ચાર ક્ષેત્રોમાં વહેંચવામાં આવ્યો છે. જેમાં SE માટે 40 પ્રશ્નો, ECCE, TE અને AE પ્રત્યેક માટે 20 પ્રશ્નો રહેશે.

5.3. શિક્ષકો અને શિક્ષક પ્રશિક્ષકો સહિત વિવિધ સહભાગીઓ પાસેથી તેમની રુચિ અથવા કાર્યક્ષેત્ર મુજબ જવાબો મેળવવાના રહેશે.

5.4. આ સર્વેક્ષણ સમગ્ર જિલ્લામાંથી લગભગ 100 સહભાગીઓમાં શિક્ષકો, શિક્ષક શિક્ષકો, સમુદાયના સભ્યો, વિદ્યાર્થીઓ (ઉચ્ચ શિક્ષણ સહિત), માતાપિતા, આંગણવાડી અને આશા કાર્યકરો, બિન-સાક્ષર, નવ-સાક્ષર વગેરેનો સમાવેશ થઇ શકે છે.

5.5. રાજ્યમાં બ્લોક અને ક્લસ્ટર સુધી સર્વેક્ષણ કરવા માટે, રાજ્યના સ્વયંસેવકોને Surveyor તરીકે સામેલ કરવાના રહેશે. જેમાં B.Ed. / D.El.Ed. તાલીમાર્થીઓ, NSS/NCC કેડેટ્સ વગેરેનો સમાવેશ થઇ શકે છે.

5.6. પસંદ કરાયેલ સર્વેયર્સ સર્વેક્ષણમાં ભાગ લેનારા સહભાગીઓની સુવિધા માટે તૈયાર કરેલ મોબાઇલ એપ (NCF Survey) સર્વેક્ષણના દરેક પ્રશ્ન પર સંપૂર્ણ રીતે પ્રતિભાવ મેળવશે.

5.7. રાજ્યમાં મોબાઇલ સર્વેના સંકલન માટે રાજ્ય નોડલ ઓફિસર એક જૂથની રચના કરશે જેમાં તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીઓ (DEO) સામેલ હશે, જેઓ જિલ્લામાં સ્ટેટ મોબાઇલ સર્વે ગ્રુપના ગ્રુપ લીડર રહેશે.

5.8. આ સ્ટેટ મોબાઇલ સર્વે ગ્રૂપ (SMSG) પાસે એક ગ્રૂપ લીડર હશે, જેને સર્વેક્ષણનું સંકલન કરવાની અને NCERT દ્વારા આપવામાં આવેલા ફોર્મેટમાં ચાર મોબાઇલ સર્વે રિપોર્ટ વિકસાવવા અને સબમિટ કરવાની જવાબદારી રહેશે.

5.9. SMSGનું ઓરિએન્ટેશન રાજ્ય નોડલ અધિકારીઓ દ્વારા કરવામાં આવશે.

5.10. મોબાઇલ સર્વે બાદ પ્રાપ્ત પરિણામને ફોકસ ગ્રુપ સાથે ચર્ચામાં લેવામાં આવશે.

6. જિલ્લા પરામર્શન (DLC)ની પ્રક્રિયા ડિસેમ્બર, 2021 સુધીમાં પૂર્ણ કરવાની હોવાથી સદર કાર્યને અગ્રતા આપવાની રહેશે.

7. આ પ્રક્રિયા સંદર્ભેની વિસ્તૃત માહિતી જીસીઇઆરટી દ્વારા જિલ્લા સાથેની બેઠકમાં આપવામાં આવશે.

આમ, ઉપરોક્ત પ્રક્રિયાઓના સંદર્ભે જિલ્લામાં કામગીરી શરૂ કરવા માટે તેમજ આ માટે વિવિધ ટીમની રચના તેમજ જિલ્લા પરામર્શન માટે વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ મળી રહે તેવા શિક્ષણના સહભાગીઓના જૂથની રચના કરવા માટે જણાવવામાં આવે છે.

(ડૉ. ટી. એસ. જોષી)
નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

નકલ રવાના – (જાણ સારું)

- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારી, તમામ (જિલ્લામાં સ્ટેટ મોબાઇલ સર્વે સંદર્ભે કામગીરી સારું)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તમામ (જિલ્લામાં સહયોગ સંદર્ભે)
- શાસનાધિકારી, તમામ (જિલ્લામાં સહયોગ સંદર્ભે)